યશસ્વી ૬૦ વર્ષ

# કલમ કડછી બરછી

શિક્ષણ સેવા સંરક્ષણ

બરછી કાર્યાલય C/o.ફાઇન આર્ટ પ્રિન્ટર્સ
કોટેચાનગર મેઇન રોડ, કોટેચા ગર્લ્સ હાઇસ્કૂલ બિલ્ડીંગ,
રાજકોટ-૧. Email : barchhi@rediffmail.com · Web : www.barchhi.com

ઓગસ્ટ – ૨૦૨૩ વર્ષ : ૬૦
વર્ષ : જાન્યુઆરીથી ડીસેમ્બર વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦

સમસ્ત નાગર જ્ઞાતિનું મુખપત્ર

:: તંત્રી ::
વિરેન શાં. ધોળકીયા
મો. ૯૪૨૮૭ ૦૦૧૦૫

## ● શાંતિભાઈની બહુમુખી પ્રતિભાની તસ્વીરી ઝલક ●




સૌરાષ્ટ્ર છોડતાં વિદાયમાન જેઠાભાઈ જોશીના પ્રમુખસ્થાને–૧૯૫૭

સ્મ
ર્ણા
જ
લી





જીત મેળવેલ ક્રિકેટ ટીમના સત્કાર સમારંભમાં વક્તવ્ય



સરકારી કર્મચારીઓના સ્નેહ સંમેલન–૧૯૬૮ ચીમનભાઈ પટેલ સાથે



શાંતિભાઈ નાગપુર જતી બેડમિંગ્ટન ટીમ સાથે

<u>**હસ ; કાં હસનાર દે !**</u>

# લડાકુ ધાર્મિકતા

આનંદો : જાણીતા લેખક દ્વારા ગતાંકથી શરૂ થયેલી હળવી શૈલીની આ કોલમનો લાભ વાચકોને દર મહિને મળવાનો છે.. નામ કે નામનાથી દૂર રહેલા આ લેખકના લેખન દ્વારા નામથી જેઓ પરિચિત હોય તે સૌ મને ૯૪૨૮૭૦૦૧૦૫ ઉપર લખી મોકલી શકો છો. તમારા નામની નોંધ અચૂક લેવાશે. કોલમ વાંચો અને વિચારો... —વિ.શાં.ધો.

અમારા પાડોશી શુક્લાજી મહારાજ હાલમાં ખુશ ખુશાલ છે :
ઉપરાઉપરી બે ધાર્મિક મહિના!
પ્રથમ પુરુષોત્તમ ને જોડા જોડ આવ્યો શ્રાવણ.
હું વિચારે ચડી જાઉં છું. (મારી એવી તાસીર છે) વિચારું છું :
તો શું બીજા માસ અધાર્મિક!?...પણ છોડો એ વાત. મૂકો તડકે !
'લડાકુ' હિન્દી ભાષાનો શબ્દ છે. જેમ કે લડાકુ વિમાન એ પ્રયોગ આપે સાંભળ્યો હશે. 'લડાકુ' એટલે 'લડાયક' 'એગ્રેસીવ' પણ હિન્દીનો 'લડાકુ' શબ્દ 'ફીટ' છે.
કેટલાક લોકોમાં આવી લડાકુ ધાર્મિકતા જોઈ ગભરાઈ જવાય છે !
ધર્મ ખરેખર તો પ્રેમ અને શાંતિ પ્રસરાવે, પરંતુ ધાર્મિક એવા આ પુરુષોત્તમ માસમાં અમુક લોકો ધાંધલ, ગોકીરો અને ઉત્પાત વધુ ફેલાવે છે એટલે તો આને 'અધિક માસ' નહીં કે'તા હોય ને ?!
અમારા ચંપકકાકા આવા અમીરી ઉત્પાતના ઉત્પાદક છે । તે સોમવાર રહે છે. 'રહે છે' નો અર્થ સોમવારે જ જીવતા રહે છે એવો ન કરતા, પ્લીઝ !
એ તો અમારાં સગુણા કાકીનું જીવન ડિફિકલ્ટ કરી મૂકે એવા છે. કાકા મુગટો પહેરીને પૂજામાં બેસે, એટલે કોઈના નહીં ! એને અડાય સુદ્ધાં નહીં. પૂજાનો એમનો પથારો, ને હુકમ છૂટે-દીવાસળી લાવ ને પંચપત્ર લાવ ને આ લાવ ને તે લાવ.
બીલીપત્ર ક્યાં?...અને કાકીએ બિલ્વ વૃક્ષ ગોતવા દોડવું પડે. રાતે એ ફરાળ (ફલાહાર નહીં!) કરવા બેસે ત્યારે પાંચ વાનગી ઉપરાંત રાજગરાનો શીરો ન હોય તો તાંડવ મચાવે, ને ત્રાડ નાખે! આ છે 'લડાકુ ધાર્મિકતા.'
એના બીજા પ્રયોગો છે. વાચકોને એનો અનુભવ હશે.
પ્રભુની ભક્તિની મોજ પ્રગટ કરવા ભજન કિર્તન થાય, તે તો આનંદની વાત, પરંતુ ઘણા તો પોતાના ધર્મનો ઢંઢેરો પીટવા ઘાંટા પાડવા અને બીજાના જીવનમાં ખલેલ પહોંચાડવાને ધર્મ માને છે.
જેમ મોટી ડખલ, તેમ ઊંચો ધર્મ!
સવારી, સરઘસ, જુલુસ જેટલા મોટા રસ્તા અને ચોકમાં ટ્રાફિક જામ કરે, તેટલો ભવ્ય ધર્મ ।..આ છે લડાકુ ધાર્મિકતાનો હિસાબ!
પણ મિત્રો! મૂંઝાવાની જરૂર નથી.. પ્રભુ આવી ખતરનાક લડાકુ ધાર્મિકતાને એટલા માટે માન્ય રાખે છે કે, જેમ બ્લેક બોર્ડની કાળી ભૂમિકામાં ચોકના શ્વેત અક્ષર ઉજળા બનીને ઉપસી આવે, તેમ જ શાંત મૌન પ્રેમાળ એવો ખરો જનધર્મ હૃદયમાં પ્રકાશ ફેલાવે.



## કલમ કડછી બરછીના યશસ્વી ષષ્ઠિ પૂર્તિના મહોત્સવના અવસરે અને શાંતિભાઈની ૩૫મી પૂણ્યતિથિ નિમિત્તે કોટિ કોટિ પ્રણામ સહ ભાવવંદના

૬૦ વર્ષનાં લેખાં જોખા—તવારિખ જોઈએ તો, વર્ષ ૧૯૫૪માં શિક્ષણ,સેવા,સંરક્ષણના ઉદ્દેશ સાથે કલમ કડછી બરછીનું પ્રકાશન શરૂ થયું.એ વખતે શાંતિભાઈ સરકારી નોકરીમાં હોવાથી મોટા પુત્ર મહેશભાઈ એ તંત્રી પદ સંભાળેલું.તેઓ એમ.એ. (ગુજરાતી)ના વિદ્યાર્થી તેથી ભાષા સાહિત્ય સાથે સારો નાતો તેથી પદને નિભાવ્યું. બાદમાં મહેશભાઈ પણ સરકારી કોલેજમાં પ્રાધ્યાપક તરીકે જોડાતાં અને ૧૯૫૮માં શાંતિભાઈની સરકારી નોકરીમાં મુંબઈ બદલી થતાં પ્રકાશન સ્થગિત કરવામાં આવ્યું. ૧૯૬૮માં સચિવાલય અમદાવાદથી શાંતિભાઈ નિવૃત્ત થયા બાદ પુનઃ પ્રસિદ્ધ કરવામાં આવ્યું.આમ ૨૦૨૩ ઓગસ્ટમાં નાગર મિત્ર બરછીએ ૬૦મા વર્ષમાં ગૌરવપૂર્ણ પ્રવેશ કર્યો.આ વિરલ અવસર, તે સમયથી આજ સુધીના અગણિત જ્ઞાતિબંધુઓના અનેક રીતે સહયોગને આભારી છે..ભાવવંદન—અભિવંદન!

શાંતિભાઈના ૨૫ વર્ષના કાર્યકાળ દરમ્યાનનો મને બહુ થોડો ખ્યાલ પરંતુ ઉપરાંતમાં બરછીનાં પાના ઉથલાવતાં અને વડીલ બંધુ મુ.મહેશભાઈ પાસેથી વધુ જાણવા મળ્યું કે તેઓ તે સમયમાં અખિલ ભારતીય નાગર પરિષદ,અને ગામેગામનાં નાગર મંડળ જેવી જ્ઞાતિ સંસ્થાઓ દ્વારા થતી સેવા પ્રવૃતિઓમાં ખૂબ જ સક્રિય હતા. બરછી પ્રકાશન શરૂ કરવા પાછળનો તેમનો સ્પષ્ટ ધ્યેય જ્ઞાતિ સેવા સાથે ઐક્યનો જ હતો.આખા ભારતમાં અને વિશેષે મુંબઈ—ગુજરાતમાં ફેલાયેલા નાગરોને એક સંપર્ક સૂત્રે બાંધવા માટે તથા નાગર યુવકોના ઉત્કર્ષમાં સહાયભૂત થવા માટે તેમને માસિક પત્રનું માધ્યમ ઉચિત લાગ્યું.

શાંતિભાઈ સ્વભાવે મિલનસાર,નીડર અને સ્પષ્ટ વક્તા,નીડર સેવા ભાવને વરેલા. જે કામ હાથમાં લે તેમાં પારદર્શક નિષ્ઠા અને અથાક મહેનત—આ બધા ગુણોના પરિપાક રૂપે બરછીને ચોમેરથી ભરપૂર આવકાર મળ્યો અને સહેજે એ નાગરોનું માન્ય માસિક બની ગયું.

આધુનિક વાચકોને પરિચય મળે તે હેતુથી અને સ્મૃતિ વંદના રૂપે તે સમયનો તંત્રી લેખ— કપરા ચઢાણની અનેક અગ્રણીઓના મળેલા શુભેચ્છા સંદેશાઓ,તે સમયના લેખકો તેમના વિચાર— શૈલીની ઝલક રૂપે ત્યારની સામગ્રી આ અંકમાં પુનઃપ્રકાશિત કરી રહયા છીએ.

શરૂઆતના વરસોમાં શાંતિભાઈએ આ મુખપત્રના આરંભની ભૂમિકા લેખે તે સમયની અનેક સંસ્થાઓ, હોદ્દેદારો, સભ્યો તથા પ્રતિનિધિઓ સાથેના સંકલન – સંચાલનમાં જે નિષ્ઠા અને પારદર્શિતા દર્શાવ્યા છે આજીવન પ્રેમસંબંધો જાળવવા માં જે કુનેહ દાખવી છે તથા ધારદાર કલમથી જ્ઞાતિને ઢંઢોળી જાગૃત કરવા માટે જે ઊર્જા— Energy પ્રગટ કરી છે તેનું ભાતિગળ ચિત્રને પુનઃ આલેખવાનો અહીં પ્રયાસ છે.

ત્યારના સિદ્ધહસ્ત સન્માન્ય લેખકો, કવિઓ, ચિંતકો દ્વારા આ પત્રને કેવું સાહિત્ય સમૃદ્ધ અને વિચાર મઢ્યું બનાવેલું તેનો પણ ખ્યાલ અહીં મળશે. શાંતિભાઈ આ સાથે પિતા, ભાઈઓ તથા ભત્રીજાં ભાણેજડાંના બહોળા પરિવારની સંપૂર્ણ જવાબદારી નિભાવતા પત્ની દીનુબેનનો ડગલે ને પગલે સ્નેહાળ સંગાથ સાંપડતો, જે આજીવન રહયો.

શાંતિભાઈ જ્ઞાતિ પ્રવૃતિ ઉપરાંત હાટકેશ વ્યાયામ સંઘ, ભારત સેવા સમાજ, સેના, ક્રિકેટ, વોલીબોલ જેવી સામાજીક સેવા, ખેલકૂદ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં પણ એટલા જ સક્રિય હતા. આવી વિશેષ વીગતો ક્યારેક પ્રકાશિત કરીશું. આવું દીપ્તિમંત જીવન જીવી ૧૯૮૮માં શાંતિભાઈએ વિદાય લીધી. એક સુવર્ણયુગ આથમ્યો.

વર્ષ ૧૯૮૮માં શાંતિભાઈની વિદાય પછી, તંત્રી તરીકે એક સમયે રહી ચૂકેલા વડીલ બંધુ મહેશભાઈએ પ્રકાશન ચાલુ રાખવાની અને તંત્રી તરીકે મારા નામની ઘોષણા કરી. ૧૯૭૮થી હું (ફાઈન આર્ટ પ્રિન્ટર્સ) પ્રિન્ટીગના વ્યવસાયમાં, તેથી તેઓની હયાતી દરમ્યાન મારી જવાબદારી બરછીના પ્રિન્ટીગ સંબંધિત જ—માત્ર પ્રિન્ટર તરીકેની જ હતી. વળી ક્યાં કોમર્સ ને ક્યાં વાંચન લેખન ને ચિંતન! આમ, કામ કપરૂં હતું.. પરંતુ શાંતિભાઈના સેવાકાર્યોની સુવાસ એવી કે જ્ઞાતિજનો, પ્રતિનિધિઓનો, કલમનવેશોના સ્નેહભર્યો સંબંધ ને જોડાણ અમારી સાથે પણ જળવાયાં.. નવા ઉમેરાતા રહયા. કારવાં ચલતા રહા, તેમાં ૧૯૯૦થી ૯૩ સુધી શિક્ષકજીવ, કેળવણીકાર લેખક શ્રી ભદ્રાયુભાઈ વછરાજાનીનો અને ૧૯૯૩માં મહેશભાઈની નિવૃતિ બાદ ૧૯૯૭ સુધી સબળ ટેકો મળ્યો. બંને સાહિત્યરસિક તેમ અન્ય ગણનાપાત્ર લેખકો, કવિઓ દ્વારા જ્ઞાતિને ચિંતનાત્મક લેખો, ખ્યાતિપ્રાપ્ત વ્યકિતઓની મુલાકાતો, હાસ્યલેખો તેમજ ધારદાર કલમની તાકાતનો પણ ફરી પરિચય મળ્યો, પ્રસારને પણ વેગ મળ્યો અને બરછીનો પણ વ્યાપ વધ્યો. બંનેએ સાત વર્ષ મજબૂત સાથ આપ્યો. આવકનો સ્ત્રોત એવો પ્રિન્ટીગના વ્યવસાય પૂરબહારમાં હતો અને પારિવારિક જવાબદારી, તેમ એકલપંડે બરછી પ્રકાશિત કરવું મુશ્કેલ લાગતાં ૧૯૯૮માં પ્રકાશન સ્થગિત કરવાની જાહેરાત કરી, પરંતુ પ્રત્યક્ષ, જ્ઞાતિમિત્રોના પત્રો, ગામેગામની સંસ્થાઓના ઠરાવોની ઝડી વરસી. શુભચિંતકો દ્વારા આર્થિક મદદની પણ તૈયારી બતાવી પ્રગાઢ પ્રેમ દર્શાવાયો અને સૌના ભાવાગ્રહને કારણે નિર્ણય પાછો ખેંચવા મજબૂર બન્યા.

આ પ્રેરક બળ, સહુ કોઈના સહકારના પીઠબળે અને પરિવારના અનન્ય સાથના સહારે કસોટીઓ પાર કરતાં, પુત્ર અંકુર (ત્રીજી પેઢી) દ્વારા ટેક્નોલોજીના સૌને લાભ સાથે, પ્રકાશન યાત્રા વણથંભી આગળ વધી ને આજે ૩૫ વર્ષ પૂર્ણ કર્યાં. વિશેષ ન લખતાં બરછીને જ્ઞાતિએ આજ સુધી તટસ્થ સમાચાર પત્રથી નવાજી, અપાર સ્નેહ વરસાવ્યો છે જે બદલ અહોભાવ સહ બરછીના સૂત્રધાર મુ. શાંતિભાઈની એકનિષ્ઠ સેવાને નતમસ્તક નમન!

—વિરેન શાં. ધોળકિયા

**૧૫ ઓગસ્ટ ૧૯૫૪ ના રોજ 'કલમ કડછી બરછી' ના સૌ પ્રથમ અંકમાં આદ્ય તંત્રી શાંતિભાઈની કલમે પ્રકાશિત થયેલ તંત્રી લેખ..**

**અંજલી..**

૧૫ મી ઓગસ્ટ એટલે ભારતનો સ્વાતંત્ર દિન એ સુભક્તિને કલમ કડછી બરછી નો જન્મ એ એક દૈવયોગ છે. અમારી જાણમાં છે જે આ પહેલો પ્રયાસ નથી. નાગર ત્રિમાસિક, નાગર નેત્રમણી નાગરિક (કરાંચી) અને નાગરિક (મુંબઈ)ના આ દિશાના પ્રયાસો ભુલાયા નથી, ભૂલાશે પણ નહીં. ઉનાવાનું નાગરબંધુ અને અમદાવાદનું નાગર યુવક (અગાઉનું નાગર જ્યોતિ) ના આ દિશાના પ્રયાસો ચાલુ છે. આ તમામ બંધુપત્રોને આજે મૂક અંજલી આપતા અમને હર્ષ થાય છે. નીકળતાં સામયિકોનું બરછી પૂરક બની રહે તેટલી જ અભ્યર્થના. ધ્યેય ખૂબ ઉન્નત છે. આદર્શ ઉંચો છે. આ માસિક કોઈ એક વ્યક્તિનું નથી. કોઈના અંગત આર્થિક લાભનું તે સાધન નથી, તેની અભિલાષા નાગર સમાજને જ ઉપયોગી બનવા જેટલી સંકુચિત ન હોઈ શકે. ખરા નાગરિક થવા ઈચ્છતા પ્રત્યેક માનવી...

**<u>તે સમયના મહાનુભાવો/જ્ઞાતિ અગ્રણીઓ તરફથી બરછી પ્રકાશન બદલ મળેલા શુભેચ્છા સંદેશાઓ..</u>**

ભાઈશ્રી,

શારીરિક વ્યાયામ ઉપરાંત હવે તમે માનસિક વ્યાયામ પણ જ્ઞાતિ બંધુઓ પાસે કરાવવાનું નિર્ણય કર્યો છે તે જાણી આનંદ થયો...બરછી સ્થૂળ પ્રકારની મારવા કરતા કલમની બરછી મારવાનું જ મહાત્મ્ય અત્યારે તો વધારે છે.

તમારા પ્રયાસ સર્વથા સફળ નિવડે અને જ્ઞાતિજનોની શારીરિક પુષ્ટ્યતિ સાધવાનું ધ્યેય તમે પ્રાપ્ત કર્યું છે તેથી એ વધુ શ્રેય તમે આ પ્રયાસ દ્વારા એમની સર્વદેશીય પ્રગતિ સાચવવામાં સહાય કરીને પ્રાપ્ત કરો એમ ઈચ્છું છું એ જ-

- જ્યોતીન્દ્ર હ. દવે અમદાવાદ તા. ૮-૭-૫૪

નવાં માસિકનો વિચાર ઉત્તમ છે, આવાં માસિકની આજ જેટલી ક્યારેય પણ જરૂરિયાત ન હતી તેનું સુકાન તમારા હાથમાં છે એટલે સફળતા માટે જરાય શંકા નથી.

શ્રી જયસુખલાલ એલ. હાથી
ડેપ્યુટી મિનિસ્ટર ન્યુ દિલ્હી

માનવ સમાજ અતિ કઠિન કાળમાંથી પસાર થઈ રહેલ છે જગતની કોઈ શ્રેણીમાં સ્થિરતા નથી. નથી વિચારશ્રેણીમાં સ્થિરતા કે નથી તેના અમલમાં... માતૃભાવના સિદ્ધાંતો ઉપર

આત્મવિસર્જન ઉપર ચાલતો જ્ઞાન યજ્ઞ જ્યાં સુધી નહીં આદરાઈ ત્યાં સુધી નિશાનને પહોંચવાના માર્ગો ભ્રમિત જ રહેશે તો તમારું માસિક આત્મજ્ઞાન નો પ્રકાશ પ્રગટાવે તેવી શુભેચ્છા.

ડો. એસ. એન. માંકડ, ધોરાજી.

કકબ.. આવી સુંદર સંજ્ઞા-ત્રિનય ધરાવતું આપનું સામયિક પ્રતીકનો આદર્શ ધ્વજ હંમેશા ઊંચો રાખી સમાજની શારીરિક, માનસિક, ભૌતિક ભાવના ભવ્ય રાખવામાં અને ટકાવવામાં સ્વલ્પ પણ ફાળો આપી શકશે તો તેનું પ્રાગટ્ય સફળ ગણાશે.

શ્રી પ્રાણલાલ મો. બુચ, મુંબઈ.

બરછી નું આગમન બરાબર વખતસરનું થયું છે. તમે તો જ્ઞાતિ સેવાની મશાલ ઘણા વખતથી ઉઠાવી રહ્યા છો. બરછી એ સેવા કરવાનું બહુમૂલ્ય સાધન થશે. ધન્યવાદ. બરછી આપણા ભાઈઓને આદર્શ નાગર - આદર્શ નાગરિક બનવામાં મદદ કરે તેઓ દરેક કાર્યમાં સર્વોત્તમ થાય. રાષ્ટ્રભાવના જુવાળ ઉઠે.

- કેપ્ટન સી. સી. બક્ષી, રાંચી (બિહાર)

તમો જે નવું માસિક કાઢવા માંગો છો તે માટેના તમારો વિચારો સ્તુત્ય છે આપના પ્રયાસને સફળતા મળે એવી સામગ્રી તમો આપી શકશો તેની ખાતરી છે શ્રી નંદનવનભાઈ ગોર તથા મારા તરફથી આ પ્રગટ થનારા નવા માસિકને શુભાશિષ મોકલતા આનંદ થાય છે.

શ્રી ઈશ્વરલાલ દીનાનાથ મહેતા મુંબઈ

નાગર જ્ઞાતિની ઉન્નતિ માટે આપ આપના માસિક મારફત પ્રયાસ કરવા ધારો છો તે જાણી ખુશી. આપને હાર્દિક અભિનંદન. ઈશ્વર આ તમારા ઉચ્ચ પ્રયાસમાં દરેક રીતે સફળતા અર્પો.

ડો. નવનીતરાય સી. માંકડ વિરમગામ.

આપને તરફથી સંસ્કૃતિની મશાલ રૂપે કલમ કડછી બરછી પ્રગટ થનાર છે જેની આનંદ થયો સૌરાષ્ટ્રની એ નાગર-મશાલની જ્યોત નરસૈયાની મશાલ જ્યોત જેવી સર્વત્ર ફેલાય અને નાગર હૈયાને પ્રકાશિત કરે એવી શુભેચ્છા.

શ્રી જગુભાઈ રાવળ, અમદાવાદ.

બહુ જ સુયોગ અવસરે જ્ઞાતિ પ્રતિક ચિન્હ બતાવતું પત્ર આપે શરૂ કર્યું છે... જ્ઞાતિના મહારથીઓની ઓળખ આપવાની વિશિષ્ટતા બહુ જ સુંદર અને પ્રશંસનીય છે. આપણા આવા પત્રો જ્ઞાતિના દરેક ઉંમરના પુરુષોને પણ આપણી મા બહેનો પણ વાંચતી થશે એ અભિનંદન કંઈ આપ સૌ માટે ઓછા નથી.

શ્રી બદુભાઈ ધોળકિયા

કન્વીનર અ.હિ.સ.નાગર પરિષદ ભુજ અધિવેશન

નાગરોની સેવા કરવાના ઉચ્ચ આદર્શથી આપ નૂતન સામયિક શરૂ કરો છો તે બદલ અભિનંદન.

'નાગરિક'નું તંત્રી મંડળ અને સંચાલક શ્રી ગોર સા.

## 'માસ્ટર્સ ઓફ આર્કિટેક્ચર' : કુ.કાવ્યા માંકડ



રાજકોટનાં ભાર્ગવી નીતિનભાઈ માંકડનાં પુત્રી કુ.કાવ્યા CEPT યુનિવર્સિટી – અમદાવાદથી 'માસ્ટર્સ ઓફ આર્કિટેક્ચર'ની પદવી મેળવી, IPSA કોલેજ રાજકોટ ખાતે પ્રાધ્યાપિકા તરીકે જોડાયાં.જે ઉપરાંત અમીન માર્ગ સ્થિત 'બીઝનેસ સેન્ટ્રમ' ખાતે પોતાની ઓફિસ ચાલુ કરી. (સંપર્ક:૯૪૦૮૩૮૯૫૮૩)

રાજકોટને ઘણા વર્ષ પછી નાગર જ્ઞાતિના વધુ એક આર્કિટેક્ટ મળી રહયા છે. મહિલા આર્કિટેક્ટ તો પ્રથમ હશે. યુવા સ્થપતિને અભિનંદન સહ શુભકામનાઓ.

ચિ.કાવ્યા ઉષાબેન કૌશિકરાય માંકડનાં પૌત્રી તથા બકુલાબેન અરવિંદરાય વૈશ્નવનાં દોહિત્રી થાય છે.

## એમ.ડી. : ડો.પ્રાત્વી વૈશ્નવ



ડો.પ્રાત્વી વીરાંગ વૈશ્નવે તાજેતરમાં બી.જે.મેડીકલ કોલેજ–અમદાવાદમાંથી એમ.ડી.(જનરલ મેડીસીન)ની પરીક્ષામાં ડીસ્ટીંગ્શન માર્કસ સાથે ઉત્તીર્ણ થઈ એમ.ડી.ની પદવી મેળવી પરિવાર તથા જ્ઞાતિને ગૌરવ બક્ષ્યું છે.

અભિનંદન સાથે–તમારા દ્વારા સૌ કોઈને યોગ્ય નિદાન–સલાહ સાથે ઉત્તમ સારવાર મળે તેવી શુભકામના.

કુ.ડો.પ્રાત્વી,અ.સૌ.પ્રીતિ તથા વીરાંગ વૈશ્નવનાં પુત્રી,અમદાવાદ સ્થિત અ.સૌ.રાજેશ્વરીબેન તથા ઋષીકેશભાઈ વૈશ્નવનાં પૌત્રી અને રાજકોટ સ્થિત અ.સૌ.વીભાબેન ધર્મકુમાર(યતિષભાઈ) મહેતાનાં દોહિત્રી થાય.

## રોબોટિક્સ એન્જીનિયરીંગમાં માસ્ટર : ઉન્નત અંતાણી



વડોદરા સ્થિત શ્રીમતી રૂપલબેન તથા શ્રી હેમાંગ અંતાણીના પુત્ર ઉન્નત અંતાણીએ અમેરિકાની વિખ્યાત John Hopkins યુનિવર્સિટીની Master in Robotics Engineering ની પદવી પ્રાપ્ત કરી પરિવાર તથા જ્ઞાતિને ગૌરવાન્વિત કરી છે.

ચિ.ઉન્નત રાજકોટ(હાલ વીરનગર)નાં સ્વ.પ્રીતિબેન તથા નીલકંઠભાઈ અંતાણીના પૌત્ર અને વડોદરા સ્થિત તરલિકાબેન વૈશ્નવ તથા સ્વ.પ્રવિણભાઈ વૈશ્નવના દોહિત્ર થાય.અભિનંદન સહ શ્રેષ્ઠ કારકિર્દીની શુભેચ્છાઓ.

# સુદીર્ઘ સફળ સેવા બજાવી સેવા નિવૃત્ત થતા શ્રી જગદીપ ઢેબર

જામનગર નિવાસી શ્રી જગદીપ વિષ્ણુપ્રસાદ ઢેબર (અમારા વેવાઈ,પુત્રવધૂ કાજલના પિતાશ્રી) નિષ્ઠા, પ્રામાણિકતા,ખંત અને ખુમારી સાથેની કુલ ૩૯ વર્ષની ફરજ બજાવી સેવા નિવૃત્ત થયા. તેઓ ખંભાળિયાની સરકારી હોસ્પિટલમાં સિનિયર ઓપ્ટોમેટ્રિસ્ટના હોદ્દા ઉપરથી નિવૃત્ત થતાં હોસ્પિટલના સમગ્ર ગણ તેમજ અધિકારીઓ દ્વારા ભવ્ય વિદાય સમારંભ યોજવામાં આવેલ,જેમાં તેમને ભેટ સોગાદોથી નવાજી તેમની કર્તવ્યનિષ્ઠા,સેવાભાવી સ્વભાવ, દર્દીઓ પ્રત્યેના માનવીય અભિગમને મુક્ત કંઠે પ્રશંસા કરવામાં આવેલ.

જગદીપભાઈ ૧૯૮૫માં ભાણવડ ખાતે સરકારી આરોગ્ય કેન્દ્રમાં જોડાયા અને ૧૯૯૩ ખંભાળિયા બદલાયા ત્યાંથી બદલી માટેની અનેક રજૂઆતો છતાં તેમની સેવાભાવના,કાર્યદક્ષતા અને કર્તવ્યનિષ્ઠાને કારણે વહીવટી તંત્ર તેમને છોડવા માંગતું ન હતું, તે એટલે સુધી કે વર્ષ ૨૦૦૧–૦૨ દરમ્યાન સરકારી આરોગ્ય કેન્દ્ર સલાયામાં માત્ર નવ માસ જ રહયા તથા વર્ષ ૨૦૧૦માં જામનગર ખાતે હોસ્પિટલમાં તેમને ૧૫ મહિના માટે નિમણૂક મળી. જ્યાં આઠ મહિનામાં જ શ્રેષ્ઠ કામગીરીનું પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું અને તુરંત ફરી ખંભાળિયા મૂકવામાં આવ્યા !

આમ છતાં, જગદીપભાઈએ ફરજ પ્રત્યેની વફાદારી ઉમંગથી નિભાવી.તેઓ 'સિનિયર મોસ્ટ' સાથે સક્ષમ વહીવટકર્તા, તેથી સંપૂર્ણ વહીવટી જવાબદારી તેમના શીરે હતી. કોઈપણ ઋતુ કે સ્થિતિમાં,સમયસર હાજરી ને છેલ્લા દર્દીની વિદાય પછી હોસ્પિટલ છોડવાનો ક્રમ તેમણે છેવટ સુધી નિભાવ્યો.ગામડાગામ સુધી નિદાન કેમ્પો વિસ્તાર્યા.કોરોના દરમ્યાન દર્દીઓની ખડે પગે સારવાર, સેવા–સુશ્રુષા કરી. સામાન્ય સ્થિતિના દર્દીઓના પરિવારને, સ્ટાફને આર્થિક –અન્ય મદદ, ઘેરથી ટિફિન વ્યવસ્થા જેવાં અનેક પૂણ્યકાર્યો પણ કર્યા.માનવધર્મના આ યજ્ઞમાં તથા વ્યવહારના દરેક ક્ષેત્રમાં પત્ની સૌ. હેમાક્ષીબેન ખરા અર્થમાં સહધર્મચારિણી બની સંલગ્ન રહયાં.


રાજકોટ સ્થાયી થઈ રહેલ માનનીય જગદીપ ઢેબરનું શેષ જીવન નિરામય,આનંદમય તથા સેવામય રહો તેવી હાટકેશ્વર મહાદેવને પ્રાર્થના.




## ચિ. ધ્રુવિકની પ્રથમ વર્ષગાંઠે અમારા શુભાશિષ

| | |
|---|---|
| અંકુર વિરેન ધોળકિયા–પિતા | વિરેન શાંતિભાઈ ધોળકિયા–દાદા |
| સૌ.કાજલ અંકુર ધોળકિયા–માતા | સૌ.કલ્યાણી વિરેન ધોળકિયા–દાદી |
| સૌ.દર્શિતા વૃષાંક વસાવડા–ફઈ | શ્રી જગદીપ વિષ્ણુપ્રસાદ ઢેબર–નાના |
| વૃષાંક નૈષધભાઈ વસાવડા–ફુવા | સૌ.હેમાક્ષી જગદીપ ઢેબર–નાની |
| ચિ. શ્રિયા વૃષાંક વસાવડા–બેન | તથા સમગ્ર ધોળકિયા –ઢેબર પરિવાર |

## ઉમદા સમાજ સેવક તથા પ્રતિભાશાળી શ્રી મૌલિન વૈશ્નવની ચિરવિદાય



વડોદરા સ્થિત શ્રી મૌલિન અરવિંદભાઈ વૈશ્નવનું દેહાવસાન થતાં એક સંન્નિષ્ઠ કાર્યકર અને તટસ્થ રાજશાસ્ત્રીની સમાજને ખોટ પડી ગઈ.તેઓ આજીવન હલકા રાજકારણ–Politics થી અલિપ્ત રહયા હતા અને સિદ્ધાન્ત નિષ્ઠ કોંગ્રેસી તરીકેની સ્વચ્છ છબિ જાળવી રાખી હતી.

મૌલિનભાઈ ૧૯૮૩માં જે.સી.આઈ. અલકાપુરીના પ્રેસિડેન્ટ તરીકે જાહેર જીવનમાં પગરણ માંડયાં હતાં અને જેસીસના રાજ્ય સંચાલક સુધી એમની કારકિર્દી વિસ્તરી હતી તેમની કારકિર્દીમાં પછી તો ગુજરાત મેરીટાઈમ બોર્ડના ચેરમેન,બેંક ઓફ બરોડાના અધિપતિ પદના પીછાં ઉમેરાતાં ગયાં.

આ પ્રકારના રાષ્ટ્રીય પદભાર સંભાળતા હોવા છતાં એનો ભાર બિલકુલ વરતાનો ન હતો.એનું મુખ્ય કારણ એ કે,તેઓ માનનીય ઢેબરભાઈ અને જયસુખભાઈ હાથીની પરંપરાના નાગર King Maker હતા,તેમને King-સત્તાધીશ બનવામાં રસ ન હતો. એક વાત નોંધવી પડે કે,એક જમાનામાં ગુજરાત કોંગ્રેસના મંત્રીમંડળમાં કોને સામેલ કરવા, તે બાબત મૌલિનભાઈનો મત વજનદાર ગણાતો. તેઓ ઉત્તમ સંચાલક Administrator હતા,અને આ ગુણ તેમને પિતા અરવિંદભાઈ તરફથી મળેલો.

અરવિંદભાઈના વડોદરામાં પોતાના લાયબંબા ફરતા હતા.અરવિંદભાઈના પિતાનો આ શોખ વારસામાં ઊતરી આવ્યો.નાગર પરિષદમાંની સક્રિયતાને કારણે અરવિંદભાઈ અને 'બરછી'ના આદ્યતંત્રી ઘનિષ્ટ સંપર્કમાં હતા.મૌલિનભાઈએ 'અરવિંદભાઈ કેશવલાલ વૈશ્નવ ચેરિટેબલ ટ્રસ્ટ'ના મેનેજીંગ ટ્રસ્ટી તરીકે જ્ઞાતિ અને સમાજની સેવામાં મૂલ્યવાન પ્રદાન કરેલ છે.આ ટ્રસ્ટ દ્વારા વડોદરા ખાતે નાગર નરસૈયા ની પ્રતિમા મૂકાઈ છે,અને દર વરસે નરસિંહ મહેતાનાં પદ પ્રભાતિયાના ગાનના કાર્યક્રમ યોજાય છે.

મૌલિનભાઈ પરિવારપ્રેમી હતા અને નાગર જ્ઞાતિને તેઓ મોટો પરિવાર સમજતા.પોતાના સુવર્ણકાળ દરમ્યાન અનેક જરૂરિયાતમંદોને નોકરી– વ્યવસાયની સહાય કરેલી.મૌલિનભાઈના સાલસ સ્નેહાળ સ્વભાવ પાછળ શ્રીમતી નયનાબેનનો સક્રિય સબળ સાથ હતો.

રાષ્ટ્રધ્વજના સન્માન તથા લશ્કરી બેન્ડનના સૂરો સાથે ફુલે શણગારેલી ટ્રકમાં સેંકડો ચાહકોએ તેમના પ્રિય બંધુને રડતે હૈયે વિદાય આપી.નરબંકા નાગરને સમસ્ત જ્ઞાતિ વતી શ્રદ્ધાસુમન.

(મૌલિનભાઈ વિશે વિશેષ નક્કર હકીકતો મળશે તો વીગતવાર છાપીશું.)

## સમાચાર સંચય

**રાજકોટ :** શ્રી હાટકેશ પાટોત્સવ સમિતિ દ્વારા દર વર્ષ મુજબ આગામી ૧૫ ઓકટોબરથી શરૂ થતાં નવરાત્રિના નવ દિવસનું સમૂહ સ્થાપન કરવામાં આવનાર છે.જેના મુખ્ય યજમાન થવાની ઈચ્છા ધરાવતા જ્ઞાતિજનોને શ્રી મનહરભાઈ વૈશ્નવ–મો.નં. ૯૮૨૫૨૮૦૧૪૭–નો સંપર્ક કરવા વિનંતી છે.

● જે કોઈ ભાઈઓ બહેનો કોઈપણ ગામ–શહેરમાં હોય,જેમની પાસે પોતાનું કોમ્પ્યુટર હોય, Excel શીખ્યા હોય અને 'ડેટા એન્ટ્રી' કરી ઘેર બેઠાં આવક કરવી હોય તેઓ સતીષ મહેતા–૯૮૭૯૩૩૩૫૧૫ અથવા ભદંત બુચ–૯૪૨૯૫૫૧૦૬૯નો સંપર્ક કરશો.

● શ્રી હાટકેશ્વર સંસ્થા દ્વારા તા.૨૦–૮–૨૩ના રોજ ૧૦થી ૧૨ પાઠાત્મક રૂદ્રીનું આયોજન કરવામાં આવ્યું હતું.જ્ઞાતિ ગોર શ્રી ભરતભાઈ આચાર્ય દ્વારા પૂજન વિધિ બાદ સારી સંખ્યામાં જ્ઞાતિજનોએ સાથે મળી રૂદ્રી પાઠ અભિષેક આરતી કર્યા બાદ દૂધ પ્રસાદ લઈ સૌ છૂટા પડયા હતા.

**ભાવનગર :** તાજેતરમાં શ્રી ગોઘા હાટકેશ્વર મહાદેવ ફંડની મહિલા પાંખની શ્રી હરિનાગર નિવાસ ખાતે મળેલ સભામાં નવા હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી.જેમાં કન્વીનર દરજ્જે પૌરવીબેન ઓઝા,મંત્રી–તૃષ્ણાબેન દેસાઈ તથા દેવીકાબેન દેસાઈ,સહમંત્રી–દક્ષાબેન મહેતા તથા અત્રીબેન મહેતા, સંગઠન મંત્રી તરીકે અભિજ્ઞાબેન દેસાઈ તથા મિતાલીબેન મહેતા તેમજ પી.આર.દરજ્જે હિમાક્ષીબેન ઓઝાની વરણી કરવામાં આવી હતી.ઉપસ્થિત જ્ઞાતિજનોએ નવા વરાયેલા હોદ્દેદારોને અભિનંદન આપી શુભેચ્છા પાઠવી હતી.

● શ્રી ગોઘા હાટકેશ્વર મહાદેવ ફંડની મહિલા પાંખ દ્વારા શ્રી હરિનાગર નિવાસ ખાતે તા.૬/૮/૨૩ રવિવારના રોજ શ્રી સત્યનારાયણની કથા રાખવામાં આવી હતી.જેમાં પૂજનમાં દેવીકાબેન દેસાઈ, દક્ષાબેન મહેતા, અભિજ્ઞાબેન દેસાઈ તથા મિતાલીબેન મહેતા બેઠા હતાં.પૂજન કથા વાંચન સંસ્થા ગોર શ્રી જસ્મીનભાઈ મહેતાએ કર્યું હતું.અંતમાં મહાપ્રસાદ લઈ સૌ છૂટા પડયા હતા.

**અમદાવાદ :** અત્રેના શ્રી દેવર્ષિભાઈ રમેશચંદ્ર વસાવડા અને શ્રીમતી ભાર્ગવીબેન વસાવડાના પુત્ર જીત વસાવડાએ અમેરિકા ખાતેની ન્યુયોર્ક યુનિવર્સિટીમાં એમ.એસ.(આઈ.ટી.)માં પ્રવેશ મેળવ્યો.

**લગ્ન વિષયક જાહેરાત :**

(૧) જન્મ : ૫/૧૯૯૯, બીપીટી, માસ્ટર ઈન ફિઝીયોથેરાપી, ૫'.૧" ઉંચાઈની વીસનગરા નાગર કન્યાને યોગ્ય યુવક. સંપર્ક : ૯૪૨૭૨૮૧૨૫૩

(૨) જન્મ : ૧૯૯૮,સી.એ.થયેલ યુવકને યોગ્ય કન્યા.સંપર્ક : ૯૪૨૬૨૪૭૭૪૮

# આપણા સંસ્કાર નેતાઓ

શરૂ થતી લેખમાળાનો ઉદ્દેશ છેલ્લા સૈકા દરમિયાન ગુજરાતી પ્રજાના સંસ્કાર ઘડતરમાં સાહિત્ય અને સમાજ સેવા દ્વારા આપણી જ્ઞાતિના જે જે સજ્જનો એ વિશિષ્ટ ફાળો આપેલ છે તેનો પરિચય કરાવવાનો છે. ગુજરાતી સાહિત્યમાં નાગર જ્ઞાતિના અર્પણ વિશે આ અગાઉ સામયિકોમાં કેટલુંક લખાઈ ગયું છે. ખાસ કરીને નડિયાદ સાક્ષરો વિશે તો એક સ્વતંત્ર પુસ્તક પણ રચાયું છે એટલે એ વિષયનું ચર્ચવો યથાર્થ નથી. અહીં જે પરિચય આપવાનો છે તે છે આપણી જ્ઞાતિના સાક્ષરો, કેળવણીકારો, સુધારકો અને સમાજ સેવકોના વિશિષ્ટ વ્યક્તિત્વનો એમના અર્પણનો નહીં. એમના અર્પણનું મૂલ્યાંકન એ સ્વતંત્ર વિષય છે એટલે હવે પછી શરૂ થતી લેખ માળા હેપ્પી લક્ષી છે.

આમ તો ૧૦૦૦ વર્ષના આપણા સાહિત્યનો ઇતિહાસ તપાસીએ અને એમાં નાગર જ્ઞાતિના અર્પણ નો વિચાર કરીએ તો સાક્ષરો અને શાસ્ત્રકારો ઉપરાંત કવિઓ ભક્તો અને સાધકોની નામાવલી પણ બહુ જ લાંબી થઈ જાય છે. આપણા મધ્યકાલીન સાહિત્યના આદિ અને અંતિમ કવિ નરસિંહ અને દયારામ બંને નાગર હતા, એને એક શુભ યોગ ગણવો જોઈએ. એ બે કવિપ્રવરો વચ્ચે મધ્યકાળમાં પદ્મનાથ, ભાલણ, ઉદ્ધવ, વિષ્ણુદાસ, ત્રિકમદાસ વગેરે સંખ્યાબંધ નાગર કવિઓ થઈ ગયા છે. એ બધાનો જો અહીં પરિચય આપીએ તો આ લેખ મારા માત્ર કાવ્ય વિવેચનની જ બની જાય જે અહીં ઉદિષ્ઠ નથી. એટલે માત્ર છેલ્લે ૧૦૦ વર્ષ દરમિયાન પાશ્ચર્ય કેળવણી અને સંસ્કૃતિનો પ્રવાહ આપણે ત્યાં શરૂ થયો ત્યાર પછી આપણી જ્ઞાતિના ધુરંધરોએ ગુજરાતી પ્રજાના નવ ઘડતર માં સાહિત્ય અને સમાજસેવા દ્વારા જે ફરવા ગયો છે તેનો જ અહીં પરિચય આપવાનો ઉપક્રમ રાખેલ છે. અને એ નામાવલી પણ નાની સુની નથી. એમાં સૌથી પહેલો આવે છે. નર્મદ: નવયુગનો એ અરુણ બન્યો; સુધારકોનો એ સેનાની બન્યો; વહેમ યવન સામે જીવનભર યુદ્ધ ખેલી 'યાહોમ કરીને' આગળ પડી એણે સમાજ જીવનની કેટલીએ બદીઓ ધરમૂળથી ઉખેડી. કવિતા નાટક, નિબંધ, વિવેચન, ઇતિહાસ. આજે સાહિત્યના અનેકવિધ ક્ષેત્રોમાં નવ પ્રસ્થાન કરી ગુજરાતી પ્રજાને એણે નવું દિશા સૂચન કર્યું. પ્રેમ શૌર્ય નો અમર મંત્ર ફુકી અર્વાચીનકાળના આદિ સાહિત્યકાર તરીકે એ તારીખ અને પાને અમર થઈ ગયો. એ હતો સુરતનો નાગર બ્રાહ્મણ. પછી આવે છે દુર્ગારામ મહેતાજી, નવલરામ પંડ્યા અને

નર્મદશંકર તુળજાશંકર મહેતા. પહેલા એ માનવ ધર્મ સભા સ્થાપી અજ્ઞાન વહેમ જાદુ મંતર જંતર ભૂત પ્રેત વગેરે સામે જોર શોર થી પોકાર કરી વ્યાપક લોક કેળવણીનું ચિરંજીવી કાર્ય કર્યું. બીજાએ સૌમ્ય પ્રકૃતિનાં અને સ્વસ્થ શૈલીના વિવેચનો આપ્યા અને શાળા પત્ર દ્વારા કેળવણી અને સમાજ સુધારાના ક્ષેત્રમાં ગણના પાત્ર કાર્ય કર્યું. ત્રીજાએ કરણ ઘેલો નામે ઐતિહાસિક નવલકથા ગુજરાતને આપી ગુજરાતી ગદ્યની શોભા અને સમૃદ્ધિ વધાર્યા. એ ત્રણેય હતા સુરતના નાગર. બીજા વિસનગર અને ત્રીજા વડનગરા. અનંત પ્રસાદ ત્રિકમજી વૈષ્ણવને પણ આપણે ભૂલી

શકીએ તેમ નથી. ચિત્રવલીને આગળ વધારીએ તો પછી આવે છે.. ભોળાનાથ સારાભાઈ અને મહિપતરામ નીલકંઠ. બંને અમદાવાદની પ્રાર્થના સમાજના સ્થાપક અને પ્રખર સુધારક. મહિપતરામે સંભવત: ગુજરાતીઓ માંથી સૌથી પહેલો ઇંગ્લેન્ડ નો પ્રવાસ ખેડેલો. એનીમિત્તે જમાનાને અનુરૂપ એવો જ્ઞાતિ નો વિરોધ પણ સહન કરેલો. એ બંને પણ અનુક્રમે અમદાવાદ અને સુરતના વડનગરા નાગર.

૧૮૭૫-૮૦ પછી યુનિવર્સિટીની ઉચ્ચ કેળવણી લઈ જે યુવાનોએ સાહિત્ય સેવામાં ઝમ્પલાવ્યું એમાં નાગર યુવાનોનો ફાળો ઘણો મોટો છે. પરિણામે આપણા સાહિત્યના પંડિત યુગમાં નાગર સાક્ષરો જ અગ્રસ્થાને બિરાજતા દેખાય છે. 'સરસ્વતીચંદ્ર જેવી જગત કાદંબરી ના લેખક ગોરધનરામ ત્રિપાઠી; 'કુસુમ માળા' દ્વારા નવી શૈલીની સંગીત કલ્પ કવિતા આપનાર અને ભાષા શાસ્ત્રના ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા મેળવનાર 'સાક્ષર સત્તમ' નરસિંહરાવ દિવેટીયા સંસ્કૃતમય ગુજરાતીના મૂળ પ્રવર્તક વેદાંત વિદ મનસુખરામ ત્રિપાઠી; અને પ્રિયંવદા દ્વારા આર્ય ધર્મ અને આર્ય સંસ્કૃતિનો વિજય ધ્વજ ફરકાવનાર બ્રહ્મનિષ્ઠ પંડિત મનીલાલ નભુભાઈ; ગોકુલજી ઝાલા અને મુત્સદીવર્ય બ્રહ્મનિષ્ઠ પંડિત ગૌરીશંકર ઓઝા આર્યોત્તકર્ષના લેખક વીર કવિ હરિલાલ હર્ષદરાય અને સંસ્કૃત સાહિત્યના અમર વારસાનું ગુજરાતીમાં પાન કરાવનાર રસ પંડિતયની દીપ્તિ રૂપ કેશવલાલ રસોદરાની ધ્રુવ; બજરંગ બત્ર દ્વારા ગુજરાતને પહેલી કટાક્ષ તથા આપી સનાતની વિરુદ્ધ સુધારકોનો મોરચો માંડનાર રમણભાઈ નીલકંઠ અને ગુજરાતનાં પહેલાં સ્ત્રી ગ્રેજ્યુએટ વિદ્યાબેન નીલકંઠ; વસંત માસિક દ્વારા વિદ્યા ક્ષેત્રે એટલે હાથે એક યૂનિવર્સિટી જેટલું કામ કરનાર આપણો ધર્મના લેખક આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવ અને સાહિત્ય પ્રવેશીકાના લેખક હિંમતલાલ ગણેશજીએ અંજારિયા તેમજ કાદંબરી ના અનુવાદક છગનલાલ પંડ્યા તથા શાપુતલના અનુવાદક ઝવેરીલાલ ઉમિયાશંકર વગેરે અનેક વિદેહ અને વિદ્યમાન સાક્ષરોના નામ સહેજે યાદ આવી જાય છે. 'નાગર' એ શબ્દને 'સાક્ષર'નો પર્યાય બનાવ્યો આ પંડિતોએ જ.

છેલ્લી પચીસીની વાત કરીએ તો પણ ગુજરાતના સંસ્કાર જીવનમાં આપણી જ્ઞાતિની કેટલીક અગ્રણ્ય વ્યક્તિઓ મોખરે રહેતી જણાય છે. ડો. સુમંત મહેતા, સૌ. શારદાબેન મહેતા, નીલકંઠ સૌ. સરોજિની મહેતા, શ્રી ગટુભાઈ ધ્રુ વગેરે એ સમાજ સેવાના ક્ષેત્રમાં જે કાર્ય કર્યું છે તે કોઈ પણ જ્ઞાતિના ગૌરવ રૂપ છે. શ્રીયુત ગગન વિહારી મહેતા જેવા કોઈક તો સાહિત્યમાંથી અર્થકારણ અને રાજકારણમાં પ્રવેશી પરદેશમાં મહામૂલું એલચી પદ શોભાવી રહ્યા છે. સાહિત્ય ક્ષેત્રે જયસુખલાલ જોષીપુરા, રમણલાલ દેસાઈ, રામપ્રસાદ બક્ષી, પ્રો. જયેન્દ્ર દૂરકાળ, વિજય રાય વૈદ્ય, ગજેન્દ્ર બુચ, ડો. રમણલાલ યાજ્ઞિક, નટવરલાલ બુચ, ઇન્દ્ર વસાવડા, રતિલાલ છાયા, મંજુલાલ મજમુદાર, અનુસુખરામ મહેતા, કુસુમાકર વગેરે સંખ્યાબંધ નાગર વિદ્વાનોએ પોતપોતાની રીતે કવિતા, વાર્તા, નિબંધ, વિવેચન, ઇતિહાસ, સંશોધન આદિ ક્ષેત્રો માં સમૃદ્ધ ફાળો આપ્યો છે અને ગુજરાતના સંસ્કાર ધનમાં અભિવૃદ્ધિ કરી છે. આ જ્ઞાતિ રત્નોને નવેસરથી ઓળખવા પ્રયત્ન કરીએ.



શ્રી ઈશ્વરપ્રસાદ જોષીપુરા એમ.એ. (કકબ ૧૫ માર્ચ -૧૯૫૪)

વિભાગ : ગૃહ લક્ષ્મી

# બાળ ઉછેર

બાળકોનો ઉછેર તે એક એવો વિષય છે કે બહેનો તે માટે ભાગ્યે જ વિચાર કરે છે. આપણી બહેનો એક ફરજ તરીકે યંત્રની માફક બાળકનો ઉછેર કરે છે. જુના વખતના આપણા વૃદ્ધ ડોશીઓમાં વ્યવહારુ જ્ઞાન હતું. બાળ વિકાસની વાતો તેની હગેરગમાં હતી. આજે આપણી કોલેજ સુધી ભણેલી બહેનોમાં તે વ્યવહારુ જ્ઞાનનો લોપ થતો આવે છે. પણ સાથે સાથે જે વૈજ્ઞાનિક જ્ઞાન આપવું જોઈએ તે નથી આપવામાં આવતું અને તેથી જ કદાચ આપણા દેશની ભાવી પ્રજા જોખમમાં મુકાઈ ગઈ છે.

પાંચ વર્ષની ઉંમરના બાળકથી ૧૧ વર્ષ સુધીની ઉંમરના બાળકનું બહુ ધ્યાન રાખવું જરૂરી છે. પાંચ વર્ષ સુધી તો બાળકનો સમય ચાલવાનું, બોલવાનું શીખવામાં જાય છે. પછીનો એવો સમય આવે છે કે બાળક પોતે જે કાંઈ જુએ છે તે જાણવાની ઈચ્છા થાય છે, તે બાબતના પ્રશ્નો પૂછવાનું મન થાય છે. આ ઉંમરના બાળકોને કેળવણી આપવા ખાસ ધ્યાન રાખવું જોઈએ.

પહેલી વસ્તુ છે...માનસિક શાસ્ત્રનો થોડો અભ્યાસ. બાળકને એમ લાગવું જોઈએ કે લોકોને મારી કિંમત છે. ઘરમાં મારી કંઈક અગત્યતા છે. બાળકને વારેવારે ધમકાવવાથી તેનું સન્માન ઘવાય છે અને બાળક તે વિશે જુદા જુદા વિચારો કરતા શીખે છે. માટે જ બાળકની સાથે એવી રીતે વર્તવું કે તેનો સ્વમાન જળવાય.

બીજી વાત છે.. બાળકની જિજ્ઞાસા વૃત્તિ સંતોષવાની... બાળક આ ઉંમરે આજુબાજુની વસ્તુઓ જોઈ આશ્ચર્ય પામે છે, અને તે વિશે જાત જાતના સવાલો પૂછે છે. આપણે એ પ્રશ્નોના જવાબ આપતા કંટાળો દેખાડવો જોઈએ નહીં. આપણે બાળક સમજી શકે તે રીતે અને તેનાં ગજા પ્રમાણે જવાબો આપવા જોઈએ. આથી બાળક ઉત્સાહી બને છે અને દિવસે દિવસે હોશિયાર અને સામાન્ય બાળક કરતાં ઊંચી કક્ષાનું બને છે. બાળકોના સવાલો કદાચ આપણને કંટાળો ઉપજાવે તેમજ આપણો સમય બગાડે છતાં ચીડાવું ન જોઈએ. આ ઉંમરે બાળક જરા હઠાગ્રહી બને છે આપણે ત્યાં કહેવાય છે કે 'છઠ્ઠે વર્ષે છટઘેલું' પણ એ છટઘેલા બાળકને સમજાવવા શારીરિક શિક્ષા કરવી બરાબર નથી. માતાઓએ બાળકને યુક્તિથી સમજાવી લેવું જોઈએ. દા.ત. બહાર જવાની ના પાડે તો મારી જૂડીને બહાર તેડી જવાથી નુકસાન થાય છે. બહાર આવવામાં તેનો ઉત્સાહ રહેતો નથી. જ્યારે એમ કહીએ કે "ભલે તારે ઘેર રહેવાનું છે હો, જવાનું નથી" કે તુરંત જ બાળક છલાંગ મારી બહાર નીકળે છે.

બાળકની સામે આપણે હઠ કરીને આપણી કિંમત ઓછી કરીએ છીએ.

આ ઉંમરના બાળકો રમત વધારે માંગે છે. ધૂળ અને ગારાના ઘર બાંધે છે. કાગળના કારખાના બનાવે છે ત્યારે, આપણે ધમકાવીએ છીએ કે શરદી થશે, પરંતુ ભૂલી જઈએ છીએ કે આ જ બાળકમાં ઇજનેર થવાની શક્તિ પડી છે. તેનું આરોગ્ય ન બગડે તે રીતે તેને રમવાની તેમજ તેની કલ્પના ચલાવવાની છૂટ આપવી જોઈએ. આવા બાળકનો અભ્યાસ પણ રસમય બનાવવો જોઈએ તેને શીખવાડવામાં આવતા અક્ષરો અને શબ્દો રસિક રીતે સમજાવવા જોઈએ.

અગિયાર વર્ષ સુધીનું બાળક સમજણું થયું હોય છે, પણ જગતની લુચ્ચાઈ, સ્વાર્થ અને બીજા અવગુણો તેનામાં દાખલ થયા હોતા નથી. આ ઉંમરનું બાળક જેમ બને તેમ નિર્દોષ રહે તે બહુ જરૂરનું છે. બાળક જગતના સ્વાર્થ, ખટપટ કૂથલી તેમજ અપશબ્દોથી દૂર રહે તેનો ખ્યાલ રાખવો જરૂરી છે. આ ઉંમરના બાળકો ઉપર જે સંસ્કાર પડ્યા હોય છે, તે સદા ને માટે રહે છે, પછી તેને સુધારવા લગભગ અસંભવ છે.

બાળકો તરફ પ્રેમ દર્શાવો તેને છૂટથી રમવા દેવું મારવું નહીં એ બધું બરાબર છે છતાં એક વસ્તુ તરફ ધ્યાન ખેંચવું ખાસ જરૂરી છે, બાળકને સ્વતંત્ર બનાવવું, કેળવવું અને તેને લાડ લડાવવા તેની વચ્ચે એક બહુ જ પાતળી રેખા છે..

બાળકને સંપૂર્ણ વૈજ્ઞાનિક રીતે ઉછેરવા જતાં તે લડાયક,જીદી, સ્વછંદી ન બની જાય, આપણને પણ ન ગણકારે તેવું ન બની જાય તે પણ ધ્યાન રાખવું જરૂરી છે. અંતમાં, પરિવારમાં પરસ્પર પ્રેમ, સંસ્કાર, ઘરનું વાતાવરણ પણ બાળકના ઉછેરમાં મહત્વનો છે.

- પ્રવિણા મહેતા, ભાવનગર. કકબ - માર્ચ ૧૯૫૫

## અનંતના યાત્રીઓને શ્રદ્ધાંજલી

**વડોદરા :** યોગેશભાઈ વૈકુંઠરાય માંકડ,સુનીલભાઈ તરૂણભાઈ નાણાવટી, કૌમુદીબેન પી.ઢેબર, નિયંતાબેન જનાર્દનરાય બુચ,યશોમતિબેન પુંડરિકરાય આચાર્ય,ધુર્જટીભાઈ દિલસુખરાય છાયા,ગં.સ્વ.ભવસુતાબેન વૈશ્નવ. **અમદાવાદ :** અ.સૌ.જાગૃતિબેન અંજનભાઈ ધોળકિયા,સનતભાઈ દિનકરરાય માંકડ–ગાંધીનગર : ધૈવતનાથ ચૈતન્યનાથ ઘારેખાન (બરછીના પૂર્વ પ્રતિનિધિ સ્વ.અંબરીષભાઈ ઓઝાના જમાઈ) // **રાજકોટ :** કુંજલતાબેન ત્રિવિક્રમરાય નાણાવટી (ભાણવડના જાણીતા ડોક્ટર સ્વ.ટી.એ.નાણાવટીનાં પત્ની) ગં.સ્વ. જયશ્રીબેન જનાર્દનભાઈ ઓઝા–૮૭ વર્ષ.કમલેશભાઈ પી. બુચ–૭૫ વર્ષ. અનિલભાઈ દિનકરાય માંકડ,હીનાબેન ધૈર્યકાન્ત નાણાવટી// **જૂનાગઢ :** અરૂણાબેન મુકુન્દરાય વૈશ્નવ // **ભાવનગર :** પરિમલભાઈ આર. મહેતા–૮૩ વર્ષ,લાવણ્યબેન સી. વોરા, **માંડવી (કચ્છ)** જીવનલતાબેન મહેશ્વરપ્રસાદ અંતાણી, **ભુજ :** ગં.સ્વ.રેખાબેન બટુકરાય વોરા–૬૮ વર્ષ // **મુંબઈ :** જ્યોર્તિવદન જુગતરાય રીડાણી (સીએ.,ભૂતપૂર્વ ડાયરેક્ટર એર ઇન્ડિયા) રમેશભાઈ પ્રબોધચંદ્ર છાયા, મયુરીબેન કુંજબિહારીભાઈ દેસાઈ


# આદર્શ ગૃહ

આદર્શ ગૃહ એટલે પતિ પત્ની અને બાળકોનું સ્વતંત્ર ગૃહને નહીં પરંતુ સંયુક્ત કુટુંબ હોવા છતાં તે ગૃહની વ્યવસ્થા સુયોગ્ય રીતે જ ચાલતી હોય તેને જ આદર્શ ગુરુની ઉપમા આપી શકાય. સ્વતંત્ર ગૃહમાં સૌ કોઈ સુખ અને શાંતિથી રહી શકે છે. દરેક વ્યક્તિને સગવડતા મળે છે, પરંતુ આપણે સંયુક્ત કુટુંબ ઉપર જરા નજર નાખીએ તો ? કેટલીય સ્ત્રીઓ પોતાના આદર્શો છુપાવી રૂઢિચુસ્ત સમાજની ચક્કીમાં નહીં પીસાતી હોય?

સંયુક્ત કુટુંબ નીચેના ચાર આદર્શો ઉપર નિર્ભર છે. સેવા સહનશીલતા, સમદ્રષ્ટિ અને સંપ. કુટુંબમાં પણ સૌ સાથે રહી શકાય છે. સેવા એ જ ગૃહસ્થ જીવનનો સાચો આનંદ છે. કુટુંબની દરેક વ્યક્તિ નાની કે મોટી એ પોતાની થોડી ઘણી સેવા કુટુંબને આપવી જોઈએ. તેમાં કોઈપણ વ્યક્તિને અભિમાન ના આવવું જોઈએ. કુટુંબના સ્ત્રી પુરુષોએ સહનશીલતા ખાસ રાખવી જોઈએ. સંયુક્ત કુટુંબમાં પુરુષોને તો સુખ સગવડ મળી જાય પરંતુ સ્ત્રીઓને ઓછી મળી શકે છે. સુખી થવું અને પ્રગતિ કરવી એ સૌ કોઈ વાંછે છે, માટે કોઈપણ વ્યક્તિને અન્યાય ન થવો જોઈએ. દરેકે પોતાનું વર્તન સામાને દુઃખદાયી નિવડે તેવું ન રાખવું જોઈએ. આપણા શબ્દોથી કોઈને દુઃખ નથી થતું ને? તે ખાસ ખ્યાલ રાખવો તે દરેક સ્ત્રી પુરુષની ફરજ છે.

સર્વે અવસ્થાઓ વિશે સુખ-દુઃખનું એકય ગણી કુટુંબની દરેક વ્યક્તિએ વિશુદ્ધ સ્નેહ રાખવો જરૂરી છે. એ આદર્શ ગૃહસ્થાશ્રમ છે.' ચાહો અને સહો ' તે પ્રણાલિકા મુજબ દરેકની ભૂલ વડીલોએ શાંતિથી સમજાવી જોઈએ. વડીલો જ સંયુક્ત કુટુંબનો પાયો છે. તેઓની છાયા નીચે સર્વને શાંતિ મળવી જોઈએ. દરેક વ્યક્તિએ સહનશીલતા રાખી પોતાની સુવાસથી બીજાના જીવનને મંગળ કરવાની ભાવના રાખવી તે ઇચ્છનીય છે.
કુટુંબના વડીલ સ્ત્રી પુરુષોએ દરેક વ્યક્તિઓ ઉપર સમદ્રષ્ટિ રાખવી. પછી તે વહુ હોય કે દીકરી. 'મનુષ્ય માત્ર ભૂલને પાત્ર' તો બિચારી વહુનો શું વાંક ?કોઈ પણ ઘટનાની વસ્તુ સ્થિતિ સંપૂર્ણપણે સમજી શિક્ષા અને ક્ષમા મળવી જોઈએ. કુટુંબની સ્ત્રીઓએ વહુ હોય કે દીકરી પરંતુ વડીલોની આજના માની યોગ્ય વર્તન રાખવું જોઈએ.

દરેક વ્યક્તિ ઉપરના આદર્શો પાળી, પોતાના જીવનમાં અપનાવે તો કુટુંબમાં સંપ અને શાંતિ જળવાઈ રહે છે. વહુ અને દીકરી નો રુઢિચુસ્ત ભેદ કુટુંબની વ્યક્તિઓએ દૂર કરવો જોઈએ.
દરેકનો સ્વતંત્રતા ઉપર ઓછામાં ઓછો કાપ મૂકવો જોઈએ. કોઈને અન્યાય કે મનદુઃખ ન થાય અને થાય તો, સત્ય ઘટના જાહેર થઈ દૂર થાય. આમ થાય તો દરેક વ્યક્તિ શાંતિ અને સુખથી રહી શકે. મનુષ્યે જન્મવું અને મરવું એ સનાતન નિયમ છે. તો શા માટે આનંદથી ન જીવવું. આનંદથી ક્યારેય જીવી શકાય ?જો સંયુક્ત કુટુંબમાં સંપ અને શાંતિ હોય તો જ. દરેક મનુષ્ય કુટુંબમાં જ રહીને જીવવાનું અને મરવાનું છે, માટે બધા સંપથી રહે તો જરૂર ગૃહ વ્યવસ્થાની નાવ સામાજિક, આર્થિક અને વ્યાવહારિક બાબતોના તોફાનમાં આગળ ધપી શકે અને અડગ અણનમ ઊભા રહી શકાય.. અને આવા જ ગૃહને આદર્શ ગૃહ કહી શકાય. નહીં તો 'આદર્શ લોજ' એ જ શબ્દ પ્રયોગ યોગ્ય બને!



સૌ. ઉષા રજનીકાંત નાણાવટી વિસાવદર. (કકબ ૧૫ સપ્ટેમ્બર ૧૯૫૫)

# ફ્લેટ વેંચવાનો છે.

**3 B.H.K. Flat : 1200 Sq.Ft.**

તક્ષ કોમ્પ્લેક્સ પાછળ, મનીષા ચોકડી પાસે,
વાસણા રોડ, જૂના પાદરા રોડ,
વડોદરા.

આકર્ષક કિંમતે
તુરંત સંપર્ક કરો...

**9825243284**



## યોગ પ્રાણ વિદ્યા

હીલિંગ તથા મેડીટેશન પદ્ધતિ

**શું આપ આવી કોઈ બિમારીથી પીડાઓ છો?**

- સ્ટ્રેસ અને ડિપ્રેશન
- ખભા અને કમરના દુઃખાવા
- મેદસ્વિતા
- ગર્ભાશયને લગતી બિમારીઓ
- સાંધાના દુઃખાવા
- વેરિકોઝ વેઇન
- દમ અથવા અસ્થમા
- ડર અને ફોબિયા
- રોગપ્રતિકારક શક્તિની કમી
- ઊંઘ ના આવવી
- કિડનીની તકલીફો
- આધાશીશી / માઇગ્રેન
- પેટની તકલીફો
- એલર્જી અને ઈન્ફેક્શન
- હૃદયની તકલીફો
- રીલેશનશીપની તકલીફો

**બધા જ રોગોના નામ લખવા અત્રે શક્ય નથી, પરંતુ આવા ઘણા પ્રકારના શારીરિક તથા માનસિક રોગો માટે યોગ પ્રાણ વિદ્યા (YPV) અસરકારક નિવડેલ છે.**

યોગ પ્રાણ વિદ્યા એ સ્પર્શ વગર અને દવા વગર સમગ્રપણે અપાતી સંકલિત પ્રણાલી છે, જેમાં પ્રાણ શક્તિનો ઉપયોગ કરીને બધા જ પ્રકારના શારીરિક તથા મનોદૈહિક રોગોનો ઉપચાર કરી શકાય છે. આ પ્રણાલી આયુર્વેદ, હોમિયોપથી અને એલોપથી જેવી બીજી પ્રણાલીઓની અવેજીમાં નથી. તે આ બધી પદ્ધતિઓને પૂરક રહીને કામ કરે છે જેથી શરીરની પોતાની જાતને સાજા કરવાની કુદરતી ક્ષમતામાં નોંધપાત્ર વધારો થાય છે.

હીલિંગ શીખવા કે કરાવવા માટે સંપર્ક કરો:

ધવલ ધોળકિયા
+૯૧-૯૯૦૪૪૦૪૬૪૫

૨૦+ વર્ષના અનુભવી

મીના ધોળકિયા
+૯૧-૯૯૨૫૪૬૦૦૪૬

www.ypvmeraki.com
ypvmeraki@gmail.com
+91-9484668989
ypvmeraki
YPV Meraki



## ABM TRAVELS

**Discover your choice of destination in 2023,** we will make customized tour plan as per your requirement with choice of selected hotels/ resorts, top conditioned AC vehicles with courteous drivers and lots of sightseeing for your comfortable and stress free holidays- Chalo Jaldi Taiyar thai jav.

*Shimla Manali *Dalhousie *Dharamshala *Amritsar *VaishnoDevi*Ladakh kashmir *Nainital *Corbet *Mussoorie *Darjeeling *Gangtok *Ooty *Coorg*kerala* *Laksha dweep *Andaman *Gauhati *Shilong *Arunachal *Rajasthan *MP *South India *Goa *Nepal *Dubai *Singapore *Thailand *Malaysia*Bali *Maldives *Mauritius *Vietnam *Religious places and many more.

**Avinash Mehta 9820817318**
**abmtravels@gmail.com**


Pay subscription in A/c.of Kalam Kadchhi Barchhi
BANK OF BARODA, Kalawad Rd. Branch Rajkot
**A/C. No. 15010200000110 IFC Cd. BARB0KALAWA**
OR you can pay by using this QR code→

Scan this QR or send money to 9428700105 from any app. Money will reach in Dholakia Viren Shantibhai's bank account.

**અંતમાં નમ્ર નિવેદન...**

કકબનું પ્રકાશન વધુ વેગ સાથે ધબકતું રાખવા...

(૧) વધુમાં વધુ જ્ઞાતિજનો તરફથી વાર્ષિક લવાજમ (૧૨ અંકના માત્ર રૂા.૨૦૦/–) જેટલો સહયોગ...

(૨) જેઓ વેપાર કે વ્યવસાય સાથે સંકળાયેલા હોય તેઓ તરફથી વ્યાવસાયિક જાહેરાતનો સાથ...

(૩) જેના સહારે પ્રકાશન ૬૦ વર્ષથી જીવંત છે તે, બરછીના પ્રાણસમા સમાચારો તેમજ સાહિત્ય રસિકો દ્વારા મળતા લેખ,કાવ્ય વગરેનો અમૂલ્ય સહકાર અપેક્ષિત છે..અને આ દરેક માટે, આપના સંપર્કમાં હોય તેટલા વધુમાં વધુ જ્ઞાતિબંધુઓ સુધી આ અંક/ માહિતી પહોંચાડી, જ્ઞાતિ માટેના આ યજ્ઞકાર્યને આગળ વધારવામાં આપ સહુ સહભાગી થશો જ તેવા વિશ્વાસ સાથે..આભાર!

વિરેન ધોળકિયા–તંત્રી
સંપર્ક : ૯૪૨૮૭૦૦૧૦૫